सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ०८ | ०४ | २०२3 |
| દાખલ તારીખ | ०८ | ०४ | २०२3 |
| ફેસલ તારીખ | २४ | ०3 | २०२ ५ |
| સમયગાળો | વર્ષ<br>०२ | મહીના<br>११ | દિવસ<br>१ ६ |

**ફોજદારી કેસ નંબર:– ૧૧૭૨/૨૦૨૩**

**આંક:– ૩૮**

**ફોર્મ–એ**

**મે. ધારીના પ્રિન્સીપાલ (સીની) સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું : ધારી.**

**(આઇ.પી.સી.કલમ–૩૭૯, ૧૧૪ મુજબ)**

| | | |
|---|---|---|
| ફરિયાદી | :– | ગુજરાત રાજ્ય<br>(મુળ ફરિયાદી ભૂપતભાઇ શામજીભાઇ સાપરીયા) |
| ફરિયાદપક્ષ તરફે વિ.વ.શ્રી | :– | બી.કે.ચૌધરી / ઍમ ઍમ સકશેના |
| | | **વિરૂધ્ધ** |
| આરોપીઓ | :– | **(૧) અમીતભાઇ વિજયભાઇ સોલંકી,** ઉ.વ.૨૧, રહે:–ચલાલા દાનેવ સોસાયટી તબેલા પાસે, તાલુકો:– ધારી, જીલ્લો:– અમરેલી.<br>**(૨) અલ્પેશભાઇ મુકેશભાઇ સોલંકી,** ઉ.વ.૧૯, રહે:–ચલાલા દાનેવ સોસાયટી હુસેનભાઇના તબેલા પાસે, તાલુકો:– ધારી, જીલ્લો:– અમરેલી.<br>**(૩) હાર્દિકભાઇ નારણભાઇ ખેતરીયા,** |

| | | |
|---|---|---|
| | | ઉ.વ.૨૦, રહે:–ચલાલા દાનેવ સોસાયટી મફતપ્લોટ, તાલુકો:– ધારી, જીલ્લો:– અમરેલી. |
| આરોપીતરફે વિ.વ.શ્રી | :– | વી.એ.વાળા |
| ગુનો | :– | આઇ.પી.સી.કલમ–૩૭૯, ૧૧૪ મુજબ |

## ફોર્મ– "બી"

| | | |
|---|---|---|
| ગુન્હાની તારીખ | :– | ૧૭/૧૨/૨૦૨૨ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ | :– | ૧૯/૧૨/૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | :– | ૦૮/૦૪/૨૦૨૩ |
| પ્લી લીધા તારીખ | :– | ૨૬/૦૭/૨૦૨૪ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | :– | ૦૮/૧૦/૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | :– | ----- |
| ચુકાદાની તારીખ | :– | ૨૪/૦૩/૨૦૨૬ |
| આખરી હુકમ | :– | આરોપીને નિર્દોષ ઠરાવેલ છે. |

## :: આરોપીની વિગતો ::

| | | |
|---|---|---|
| આરોપી નંબર | :– | ----- |
| આરોપીનું નામ | :– | (૧) અમીતભાઇ વિજયભાઇ સોલંકી<br>(૨) અલ્પેશભાઇ મુકેશભાઇ સોલંકી<br>(૩) હાર્દિકભાઇ નારણભાઇ ખેતરીયા |
| ધરપકડની તારીખ | :– | ૧૯/૧૨/૨૦૨૨ |

| | | |
|---|---|---|
| જામીન મુકત કર્યાની તારીખ | :– | ૨૨/૧૨/૨૦૨૨ |
| આક્ષેપાયેલ ગુનાની વિગત | :– | આઇ.પી.સી.કલમ–૩૭૯, ૧૧૪ મુજબ |
| શું નિર્દોષ છોડયા/સજા કરી | :– | નિર્દોષ |
| આપવામાં આવેલ સજા | :– | ––––– |
| ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૪૨૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહીના સમયગાળો | :– | ––––– |

**સાક્ષીઓનો પુરાવો :–**

**(અ) ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવો: –**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૧૯ | નાનજીભાઇ મનજીભાઇ સાપરીયાની જુબાની | પંચસાહેદ |
| ૨. | ૨૨ | શબ્બીરભાઇ નજરુભાઇ બ્લોચની જુબાની | પંચસાહેદ |
| ૩. | ૩૪ | ભુપતભાઇ શામજીભાઇ સાપરીયાની જુબાની | ફરિયાદી |

**(બ) આરોપીપક્ષ તરફે મૌખિક પુરાવો: –(જો હોય તો)**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | –– | –––– | –––– |

**(ક) અદાલતના સાક્ષી, હોય તો: –**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | –– | –––– | –––– |

**ફરિયાદપક્ષ/ બચાવ પક્ષ/ અદાલતના દસ્તાવેજોના આંકની યાદી :–**

## (અ) ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવો: –

| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
|---|---|---|
| ૧. | ૨૦ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૨. | ૨૧ | આરોપી અટક પંચનામું |
| ૩. | ૩૫ | ફરિયાદ |
| ૪. | ૩૭ | કલોઝિંગ પુરશીસ |

## (અ) આરોપીપક્ષ તરફે દસ્તાવેજી પુરાવો: –

| ક્રમ | આંક | નામ | પુરાવાનું વર્ણન |
|---|---|---|---|
| – | –– | –––– | –––– |

## (ક) અદાલતના સાક્ષી, જો હોય તો : –

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | –– | –––– | –––– |

## (ડ) સામગ્રીની વસ્તુઓ :–

| ક્રમ | આંક | નામ | પુરાવાનું વર્ણન |
|---|---|---|---|
| – | –– | –––– | –––– |

**ગુન્હો: આઈ.પી.સી.કલમ–૩૭૯, ૧૧૪ મુજબ**

**–:: જજમેન્ટ ::–**

(૧) આ કામમા ફરિયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, તા. ૧૭/૧૨/૨૦૨૨ના રોજ રાત્રીના કલાક ૦૩:૦૦ વાગ્યે આ કામના ફરિયાદીનું હીરો હોન્ડા કંપનીનું સી.ડી.૧૦૦ રજી.નં.જી.જે.૦૭.એન.૨૪૧૨ કિં.રૂ. ૧૦,૦૦૦/–નું ઘરની બહાર ખુલ્લામાં પાર્ક કરેલ તે આરોપીઓ ચોરી કરી લઈ જઈ, સદર ગુન્હો કરેલ હોવાની વિગતવારની ફરિયાદ આ કામના ફરિયાદી ભુપતભાઈ શામજીભાઈ સાપરીયાએ આપતાં ચલાલા પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૧૯૩૦૧૩૨૨૦૫૪૬/૨૦૨૨ થી ફરિયાદ રજીસ્ટરે લઈ તપાસનીશની તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા **આઈ. પી. સી. કલમ–૩૭૯, ૧૧૪** હેઠળ શિક્ષાને પાત્ર ગંભીર ગુન્હાનું ચાર્જશીટ ઈન્સાફ થવા સારુ અદાલતમાં દાખલ કરવામાં આવેલુ.

(૨) આ કામના આરોપી સામેનું ચાર્જશીટ રજુ થતાં આરોપીઓના ઉપરોકત ગુનાનુ સંજ્ઞાન લઈ આરોપીઓને સમન્સ કરવામાં આવેલ જેનાં અનુસંધાનમાં આરોપી અદાલતમાં હાજર રહેલ છે. અને ત્યારબાદ સી.આર.પી.સી. કલમ–૨૦૭ અન્વયે આરોપીને સી.આર. પી. સી. કલમ–૧૬૧ તથા ૧૭૩ મુજબના પોલીસ કાગળોની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ આરોપીઓ સામે આંક–૧૨ થી તહોતનામુ ફરમાવી આંક–૧૩ થી ૧૫ આરોપીઓની પ્લી રેકર્ડ કરતાં આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતાં, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામમા ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

**ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો:–**

| **ક્રમ** | **સાહેદનુ નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર અને સ્વરૂપ** |
|---|---|---|---|
| ૧ | નાનજીભાઈ મનજીભાઈ સાપરીયા | આંક–૧૯ | પંચસાહેદ |
| ૨. | શબ્બીરભાઇ નજરુભાઇ બ્લોચ | આંક–૨૨ | પંચસાહેદ |
| ૩. | ભુપતભાઇ શામજીભાઇ સાપરીયા | આંક–૩૪ | ફરિયાદી |

**ફરિયાદપક્ષના દાસ્તાવેજી પુરાવા: –**

| **ક્રમ** | **દસ્તાવેજ** | **આંક** |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાનું પંચનામું | આંક–૨૦ |
| ૨. | આરોપી અટક પંચનામું | આંક–૨૧ |
| ૩. | ફરિયાદ | આંક–૩૫ |
| ૪. | કલોઝિંગ પુરશીસ | આંક–૩૭ |

ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાનું એ.પી.પી.શ્રીએ મૌખિક રીતે જાહેર કરતાં, આરોપીઓ સામે નો પુરાવો ક્રિમીનલ પ્રોસીજ કોડની કલમ–

૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવા પુરતો આવેલો નથી. ત્યારબાદ બંને પક્ષોના વિદ્વાન વકીલશ્રીઓની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલી.

(૪) રજુ થયેલ પુરાવો તથા બંને પક્ષોની દલીલોને ધ્યાને લેતાં આ કેસનાં આખરી નિકાલ સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**: મુ દ્દા ઓ :**

**૧.** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરી શકેલ છે કે, તા. ૧૭/૧૨/૨૦૨૨ના રોજ રાત્રીના કલાક ૦૩:૦૦ વાગ્યે આ કામના ફરિયાદીનું હીરો હોન્ડા કંપનીનું સી.ડી.૧૦૦ રજી.નં. જી.જે.૦૭.એન.૨૪૧૨ કિં.રૂ. ૧૦,૦૦૦/–નું ઘરની બહાર ખુલ્લામાં પાર્ક કરેલ તે આરોપીઓ ચોરી કરી લઈ જઈ, **આઈ. પી. સી. કલમ–૩૭૯, ૧૧૪** મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ કેસના ન્યાયીક નિર્ણયો નીચે મુજબના કારણોસર નીચે પ્રમાણે આપવામાં આવે છે.

**: નિ ર્ણ ય :**

(૧) ''નકારાત્મક''

(૨) ''આખરી હુકમ મુજબ''

**: કા ર ણો :**

**મુદ્દા નંબર–૧ :**

(૬) આ કામે આરોપીઓ સામેનુ તહોમત નિઃશંકપણે પુરવાર કરવા માટે સૌ પ્રથમ **આંક–૧૯** થી પંચસાહેદ **નાનજીભાઇ મનજીભાઇ સાપરીયા** તથા **આંક–૨૨** થી પંચસાહેદ **શબ્બીરભાઇ નજરુભાઇ બ્લોચ**નાઓને સોગંદ

ઉપર તપાસવામાં આવેલા છે તેઓએ ફકત આંક–૨૦ તથા આંક–૨૧ વાળા બનાવવાળી જગ્યાના પંચનામા તથા આરોપીના અટક પંચનામાં તેમની સહી ઓળખી બતાવેલ છે.આ સાહેદોએ તેમની ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન નહી આપતાં વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા સાહેદ જાહેર કરી અદાલતની પરવાનગીથી વિગતે ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસની હકિકતને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર લાવી શકયા નથી. આ સાહેદોની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ દ યાને લેવામાં આવે તો તેમાં જણાવેલ છે કે, તેઓએ તૈયાર કાગળમાં સહી કરેલી. બનાવ અંગે તેઓ કાંઇ જાણતાં નહી હોવાનુ કબુલ રાખેલ છે.

(૬.૧) ફરિયાદપક્ષ તર્ફે **આંક–૩૪** થી ફરિયાદી **ભુપતભાઈ શામજીભાઈ સાપરીયા**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, આ કામનો બનાવ તા. ૧૭/૧૨/૨૦૨૨ ના રોજ બનેલો. બનાવના દિવસે રાત્રીના આશરે બારેક વાગ્યે હું મારુ હીરોહોન્ડા કંપનીનું સી.ડી.૧૦૦ જી.જે.૦૭.એન.૨૪૧૨ નંબરનું મારા ઘરના બહાર મુકીને મારા પરિવાર સાથે ઘરની અંદર સુઇ ગયેલો. રાત્રીના ત્રણેક વાગ્યે મારી આંખ ખૂલતાં મેં ઘરની બહાર આવી જોતા મારુ મોટર સાયકલ મળી આવેલ નહી અને કોઇક ચોર ઇસમ આ મોટર સાયકલ લઇને જતું રહેલ હતુ જેથી મેં આ અંગે ચલાલા પો.સ્ટે.માં ફરિયાદ આપેલી તે હું ઓળખી બતાવું છુ. **ફરિયાદ**ને આંકે પાડવા સામે બચાવપક્ષને વાંધો ન હોય ફરિયાદને પુરાવામાં રજુ દાખલ **આંક–૩૫** આપવામાં આવે છે. આ સિવાય બનાવમાં બીજુ કંઇ બનેલ નહી. ચોરી કોણે કરેલ તે મેં નજરે જોયેલ નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, પાછળથી કોઇક અમીત જેવું નામ જાણવા મળેલું.

ત્યારબાદ સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવમાં આવેલ ઉલટ તપાસમાં તેઓ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, મારે આ કામે સમાધાન થઇ ગયેલ છે અને મારે હવે કેસ આગળ ચલાવવો નથી. મેં મોટર સાયકલ મેળવવા અંગે અરજી કરેલ છે. આ મોટર સાયકલ મેં તેના

રજીસ્ટર્ડ માલીક પાસેથી ખરીદ કરેલ હતી. મારી હાજરીમાં આરોપીઓ પાસેથી મુદ્દામાલ કબજે કરેલ નથી. હું અમીત જેવું નામ કહુ છુ તે વાતોવાતોથી જાણેલું.

(૭) ફરિયાદપક્ષ દ્વારા આંક–૧૬ થી આરોપીની નો–કલેઈમ સોગંદનામુ તેમજ આંક–૩૭ થી સદર કામે કોઈ પુરાવાઓ રજુ કરવા માંગતા નથી તેમ જણાવી પુરાવા બંધ પૂરશીસ રજુ કરેલ છે. આ સિવાય ફરિયાદપક્ષ દ્વારા અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી.

આમ, ફરિયાદપક્ષ તરફે રજુ થયેલ સમગ્રઃ પુરાવો વંચાણે લેતાં હાલના આરોપીઓએ તા. ૧૭/૧૨/૨૦૨૨ના રોજ રાત્રીના કલાક ૦૩:૦૦ વાગ્યે આ કામના ફરિયાદીનું હીરો હોન્ડા કંપનીનું સી.ડી.૧૦૦ રજી.નં. જી.જે.૦૭.એન.૨૪૧૨ કિં.રૂ. ૧૦,૦૦૦/–નું ઘરની બહાર ખુલ્લામાં પાર્ક કરેલ તે આરોપીઓ ચોરી કરી લઈ જઈ, **આઈ. પી. સી. કલમ–૩૭૯, ૧૧૪** હેઠળ શિક્ષાને પાત્ર ગંભીર ગુન્હો કરેલ હોવાના કોઈ જ તત્વો પડેલ પુરાવા ઉપરથી ફલિત થતાં નથી.

(૮) આ કામના આરોપી ઉપર ફોજદારી ગુનાનું તહોમત હોય, ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સ મુજબ ફોજદારી કામમાં ફરિયાદપક્ષની એ મૂળભૂત ફરજ બની રહે છે કે, આરોપી સામેનો કેસ સબળ, સચોટ, વિશ્વસનીય અને આધારભૂત પુરાવાથી કેસ પુરવાર કરે. સદરહું કેસમાં ફરિયાદપક્ષ આવો પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં નિષ્ફળ ગયેલ હોય, તેવા સંજોગોમાં એકમાત્ર ફરિયાદીની જુબાનીના આધારે હાલના કેસની હકિકતો જોતા અને આ અંગે સેટલ લો ને ધ્યાન સમક્ષ રાખી આરોપીઓને સજા કરી શકાય નહી તેવું મારુ વિનમ્રપણે માનવુ છે.

(૯) પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ જો વધુ પોલીસ સાક્ષીઓ તપાસવાથી કેસના અંતિમ પરિણામમાં કોઈ અસર પડે તેમ ન હોય તો તેવાં સાક્ષીઓને તપાસી અને કોર્ટનો મૂલ્યવાંન સમય બગાડવો જોઈએ નહિં. તેને અનુસરી અને આ કેસમાં વધુ સાહેદોને તપાસવાથી પણ કેસના અંતિમ પરિણામમાં કોઈ અસર પડે તેમ ન હોવાથી વધુ સાહેદોને ન તપાસી અને

જુબાનીનુ પુનરાવર્તન ટાળી, કોર્ટનો મૂલ્યવાંન સમય બચાવેલ છે. આ કામમાં સદરહું કારણસર અન્ય સાહેદો તથા પોલીસ સાહેદોને ન તપાસીને કોર્ટનો મૂલ્યવાંન સમય બચાવેલ છે. કારણ કે, જયારે ખુદ ફરિયાદી પોતાની ફરિયાદમાં આરોપી સામેનુ તહોમત પુરવાર થાય તેવી કોઈ હકિકત જણાવતા નથી ત્યારે અન્ય સાહદોની જુબાનીથી કેસના અંતિમ પરિણામ પર અસર થાય તેવી શકયતા રહેતી નથી. તેમજ આ કેસમાં સ્વતંત્ર સાહેદોનું સમર્થન પ્રાપ્ત થયેલ નથી. તેથી માત્ર ચાર્જશીટનાં આધારે જ આરોપીઓને સજા કરી શકાય નહી. કેમ કે આરોપીઓ વિરુધ્ધ સાબિત માની શકાય તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલ નથી.

**(૧૦)** અત્રે એ હકીકત નોંધનીય છે કે હાલના ફરિયાદી અને આરોપી વચ્ચે સમાધાન થઇ ગયેલ હોય, મુદ્દામાલ મળી ગયેલ હોય જેથી ફરિયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ કોઈ પુરાવો ન આપે તે સ્વભાવીકપણે સમજી શકાય એમ છે. પરંતુ મારે જે નિર્ણય કરવાનો છે તે રેકર્ડ ઉપર રજુ થયેલા પુરાવા ઉપરથી કરવાનો રહે છે. જયારે આ કામે રેકર્ડ ઉપર આરોપી વિરુધ્ધ લેશમાત્ર પુરાવો રજુ થયેલ નથી.

આમ, ઉપરોકત તમામ ચર્ચાના અંતે ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેમ ઠરાવી **મુદ્દા નં.–૧** નો જવાબ **નકારમાં** આપી, **મુદ્દા નં.–ર** અન્વયે નીચે મુજબનો **આખરી હુકમ** ફરમાવુ છુ.

## –:: હુ ક મ ::–

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) જે હવે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૧ હેઠળ આ કામના આરોપીઓ **(૧) અમીતભાઇ વિજયભાઇ સોલંકી,** ઉ.વ.૨૧, રહે:– ચલાલા દાનેવ સોસાયટી તબેલા પાસે, તાલુકો:– ધારી, જીલ્લો:– અમરેલી, **(૨) અલ્પેશભાઇ મુકેશભાઇ સોલંકી,** ઉ.વ.૧૯, રહે:– ચલાલા દાનેવ સોસાયટી હુસેનભાઇના તબેલા પાસે, તાલુકો:– ધારી, જીલ્લો:– અમરેલી, **(૩) હાર્દિકભાઇ નારણભાઇ ખેતરીયા,**

ઉ.વ.૨૦, રહે:-ચલાલા દાનેવ સોસાયટી મફતપ્લોટ, તાલુકો:- ધારી, જીલ્લો:- અમરેલીનાઓ ને તેમની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૯, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવીને છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ મોટરસાયકલ અંગે અગાઉ કરેલ વચગાળાની સોપણી નો હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

(૩) આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) જે હવે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૮૧(૧) મુજબ અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા માટે આરોપીઓના અગાઉના જામીન ૬ માસ માટે લંબાવવામાં આવે છે.

આજરોજ તારીખ ૨૪ મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ આ ચુકાદો ખુલ્લી અદાલતમાં વાંચી સંભાળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૨૪/૦૩/૨૦૨૬

સ્થળ:-ધારી.

**( એમ.એમ.સૈયદ )**
**એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,ધારી**
**કોડ- જીજે૦૧૧૦૩**

એમ.જે.બારડ